સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અધિક જેઠ વદ - 03 ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ
સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**
જિંદગી મને રોજ શીખવે કે જીવતા શીખ, એક સંધાતા તેર તૂટે તો પણ સિવતા શીખ!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૮૩ ● તારીખઃ ૦૩.૦૬.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદી સ્થિતિ

## કેરળમાં ચોમાસાનું આગમન અને ભારે વરસાદની ચેતવણીઃ ગરમીથી મળશે રાહતઃ ૬ જૂન સુધી દેશભરમાં વરસાદી માહોલની આગાહી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભીષણ ગરમીનો સામનો કરી રહેલા દેશવાસીઓ માટે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. આગામી ૬ જૂન સુધી દિલ્હી-એનસીઆર, ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. આ દરમિયાન ૪૦ થી ૬૦ કિલોમીટરની ઝડપે તેજ પવન ફૂંકાવા સાથે વીજળીના કડાકા-ભડાકા અને ધૂળની આંધી આવવાની પણ ચેતવણી અપાઈ છે. ખાસ કરીને દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાશે, જે ઉનાળાની આકરી ગરમીમાંથી મોટી રાહત અપાવશે.

ચોમાસાની આતુરતાથી રાહ જોઈ રહેલા લોકો માટે સારા સમાચાર એ છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૪ જૂનની આસપાસ કેરળમાં દસ્તક આપી શકે છે. હાલમાં લક્ષદ્વીપ અને અરબી સમુદ્રમાં ચોમાસાના આગળ વધવા માટે સાનુકૂળ સંજોગો સર્જાયા છે. કેરળમાં આગામી એક સપ્તાહ દરમિયાન ૭ થી ૨૦ સેન્ટીમીટર સુધીનો અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે માછીમારોને ૭ જૂન સુધી અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના વિસ્તારોમાં ન જવાની કડક સલાહ આપી છે.

ચોમાસા પૂર્વેની અસરના ભાગરૂપે ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને પૂર્વ ભારતના રાજ્યોમાં પણ આગામી દિવસોમાં વરસાદ અને વાવાઝોડાની સ્થિતિ જોવા મળશે. ઉત્તર-પૂર્વના રાજ્યો જેવા કે આસામ, મેઘાલય અને અરુણાચલમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે, બિહાર જેવા કેટલાક વિસ્તારોમાં ૪ થી ૬ જૂન દરમિયાન હજુ પણ હીટવેવ (ગરમીનું મોજું) યથાવત રહી શકે છે. એક તરફ ઉત્તર ભારતમાં તાપમાન ઘટવાની શરૂઆત થઈ છે, તો બીજી તરફ દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદી ગતિવિધિઓ તેજ બની છે.

## ગુજરાતમાં વરસાદી આફતઃ વાવ-થરાદ પંથકમાં વાવાઝોડા-વીજળીથી ૩ ના મોત, અમદાવાદમાં રોડ બેસી જતાં ટ્રક ખૂંપી

### સરહદી પંથકમાં વીજળી પડવાથી અને શેડ ધરાશાયી થતાં ભારે તબાહી; સ્માર્ટ સિટીમાં પ્રથમ વરસાદે જ કોન્ટ્રાક્ટરોની પોલ ખોલી



**સમય સંદેશઃ અમદાવાદ-થરાદ**

વાવ, થરાદ અને ભાભર પંથકમાં કુદરતનો પ્રકોપ દેખાયો મોડી રાત્રે વાવાઝોડા સાથે ખાબકેલા વરસાદે ભારે તબાહી મચાવી છે. વાવના માડકા ગામે પશુઓનો લોખંડનો શેડ ધરાશાયી થતાં ભગવાનભાઈ પટેલ (૪૨)નું માથામાં એન્ગલ વાગવાથી મોત નીપજ્યું હતું. જ્યારે થરાદના જામપુર ગામે આકાશી વીજળી પડતાં

અનુ પાના નં.૨ પર

## જમ્મુ-કાશ્મીરમાં મોટી કુદરત આફતઃ કિશ્તવાડમાં બે જગ્યાએ વાદળ ફાટ્યા, હાઈવે બંધ, સેંકડો મુસાફરો ફસાયા



**સમય સંદેશઃ શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના સરથલ અને માછીપાલ વિસ્તારોમાં એક જ સમયે બે સ્થળોએ વાદળ ફાટવાની ગંભીર ઘટના બની છે. આકાશમાંથી અચાનક ભારે પાણી ખાબકતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. રિપોર્ટ મુજબ હાલ અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા છે, જેમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યૂ ઓપરેશન પણ ચાલી રહ્યું છે. બીજીતરફ તાત્કાલીક હાઈવે બંધ કરાતા અનેક મુસાફરો પણ અટવાઈ ગયા છે.

પહાડો પરથી ધસી આવેલા કાટમાળ અને પૂરના કારણે ખીણમાં અફરાતફરી મચી ગઈ હતી. રાહતની વાત એ છે કે, આ આપત્તિમાં કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી. જોકે, માત્ર ગણતરીની મિનિટોમાં જ આ બે વાદળ ફાટવાના કારણે ચારેય તરફ તબાહીના દ્રશ્યો સર્જાયા છે.

વાદળ ફાટવાથી પહાડો પરથી મોટો કાટમાળ અને કાદવ નીચે આવતાં કિશ્તવાડ-ઠઠરી મુખ્ય હાઈવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. વાહનવ્યવહાર ખોરવાઈ જતાં રસ્તા પરથી પસાર થઈ રહેલા સેંકડો મુસાફરો અને સ્થાનિક લોકો અધવચ્ચે ફસાઈ ગયા છે.

ઘટનાની જાણ થતાં જ

અનુ પાના નં.૨ પર

## આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશઃ મુંદ્રા દરિયાકાંઠેથી ૧૧૯ કિલો કોકેઈન કન્સાઈનમેન્ટમાંથી ઝડપાયા AirTags અને GPS ટ્રેકર્સ

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્કવોડ (ATS)ને મુંદ્રા કોસ્ટ નજીકથી ગત મહિને ઝડપાયેલા આશરે ૧૧૯ કિલોગ્રામ (૧૧૮.૯૭૭ સલ) કોકેઈનના હાઈ-પ્રોફાઈલ કેસની તપાસમાં મોટી સફળતા મળી છે. ઇન્વેસ્ટિગેટર્સને ડ્રગ્સના કન્સાઇનમેન્ટની અંદરથી અત્યંત આધુનિક ઇલેક્ટ્રોનિક ટ્રેકિંગ ડિવાઇસ મળી આવ્યા છે. આ પુરાવા દર્શાવે છે કે એક અત્યંત સંગઠિત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ સિન્ડિકેટ દ્વારા આ કરોડોના ડ્રગ્સના મુવમેન્ટ પર રિમોટલી નજર રાખવામાં આવી રહી હતી.

NDPS એક્ટ હેઠળ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની હાજરીમાં જ્યારે ડ્રગ્સના સેમ્પલિંગ અને જપ્તીની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે તપાસકર્તાઓને કોકેઈનની બ્રિક (ચોસલા) આકારના પેકેટોની અંદરથી 4 Apple AirTags અને 2 Garmin GPS ટ્રેકિંગ ડિવાઇસ મળી આવ્યા હતા. તપાસ એજન્સીઓનું માનવું છે કે આ ટ્રેકિંગ ડિવાઇસ ડ્રગ્સ સપ્લાય કરનારા હેન્ડલર્સ દ્વારા વાપરવામાં આવતા હતા, જેથી ડ્રગ્સ ક્યા લોકેશન પરથી રવાના થયું અને ક્યા રૂટ દ્વારા ભારત સુધી પહોંચ્યું તેની ચોક્કસ ડિજિટલ માહિતી મળી શકે. આ ડિવાઇસ દ્વારા ડ્રગ નેટવર્કના સમગ્ર સપ્લાય ચેઈન અને તેમાં સામેલ લોકોના સગડ મેળવવામાં મોટી મદદ મળશે.

આ સમગ્ર મામલો ૨૬ મે ના રોજ સામે આવ્યો હતો, જ્યારે ગુજરાત ATS અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મુંદ્રા નજીક અરબી સમુદ્રમાં તરતી ૫ બેગમાંથી ૧૧૮.૯૭૭ કિલોગ્રામ કોકેઈન જપ્ત કર્યું હતું. ATS ને ગુપ્ત માહિતી મળી હતી કે 'Europe' નામના કાર્ગો જહાજ પર સવાર બે ક્રૂ મેમ્બર્સ આશરે ૧૫૦ કિલોગ્રામ કોકેઈન છુપાવીને લાવ્યા છે, અને તેઓ ગુજરાતના દરિયા કિનારે એક લોકલ ફિશિંગ બોટ (માછીમારીની બોટ) માં આ જથ્થો ટ્રાન્સફર કરવાના હતા. આ ડ્રગ્સ અંતે દિલ્હી સ્થિત બે વિદેશી નાગરિકો સુધી પહોંચાડવાનું આયોજન હતું. સર્વેલન્સ દરમિયાન જ્યારે કોસ્ટ ગાર્ડના જવાનો જહાજ તરફ આગળ વધ્યા, ત્યારે પકડાઈ જવાના ડરે શંકાસ્પદોએ ડ્રગ્સ ભરેલી બેગ દરિયામાં ફેંકી દીધી હતી, જેને ટીમે સફળતાપૂર્વક રિકવર કરી લીધી હતી.

જહાજ પર સવાર ક્રૂ મેમ્બર્સની પૂછપરછ દરમિયાન, ટાન્ઝાનિયાના નાગરિક જુમા નાસિર ઓમારે કબૂલાત કરી હતી કે, તે નવેમ્બર ૨૦૨૫ માં અન્ય ક્રૂ મેમ્બર્સની જાણ બહાર આ કોકેઈન બ્રાઝિલથી છુપાવીને લાવ્યો હતો, અને તેને શિપના મોટર રૂમમાં સંતાડ્યું હતું. તે આંતરરાષ્ટ્રીય હેન્ડલર્સના ઈશારે આ કામ કરી રહ્યો હતો.

ઓપરેશન દરમિયાન અન્ય એક ટાન્ઝાનિયન ક્રૂ મેમ્બર નિંગીતે નાસોરો જુમાને દરિયામાં કૂદી ગયો હતો, અને તેની શોધખોળ હજી ચાલુ છે. આ ઉપરાંત જહાજના સ્ટીયરીંગ ગિયર કમ્પાર્ટમેન્ટમાંથી 2 Garmin GPSMAP સેટેલાઇટ કોમ્યુનિકેશન ડિવાઇસ પણ

અનુ પાના નં.૨ પર

## દારૂ પીવડાવી દુષ્કર્મ આચરીને બનાવ્યો અશ્લિલ વીડિયો

### વડોદરામાં 'આપ' પ્રમુખની ધરપકડથી ચકચાર

**સમય સંદેશઃ વડોદરા**

સંસ્કારી નગરી વડોદરામાંથી રાજકારણને શર્મસાર કરતી એક સનસનાટીપૂર્ણ ઘટના સામે આવી છે. આમ આદમી પાર્ટીના વડોદરાના નેતા અશોક ઓઝા અને તેમના પુત્ર આનંદ ઓઝા સામે પક્ષની જ એક મહિલા કાર્યકર સાથે સાડા ચાર વર્ષ સુધી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. મહિલાને સારા પદની લાલચ આપી, દારૂ પીવડાવી, નગ્ન વીડિયો ઉતારી બ્લેકમેલ કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. એટલું જ નહીં, આ ગંદા ખેલમાં નેતાની પત્ની અને પુત્રીએ પણ પીડિતાને ધમકી આપી હોવાનું સામે આવ્યું છે. કપુરાઈ પોલીસે ગુનો નોંધી મુખ્ય આરોપી અશોક ઓઝાની ધરપકડ કરી લીધી છે.

વડોદરામાં રાજકારણના ઓઠા હેઠળ મહિલાઓનું શોષણ થતું હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આમ આદમી પાર્ટીના નેતા અશોક ઓઝા અને તેમના પુત્ર આનંદ ઓઝાએ પક્ષની જ એક મહિલા કાર્યકરને શિકાર બનાવી છે. પીડિત મહિલાનો આરોપ છે કે તેને

અનુ પાના નં.૨ પર

## સુરતના બારડોલી પાસે બે બસ વચ્ચે ભીષણ ટક્કર, ૭ના કરૂણ મોત, એક બસ આગનો ગોળો બની

### પોરબંદરમાં કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં એક જ પરિવારના ૩ના મોત



**સમય સંદેશઃ સુરત-પોરબંદર**

પોરબંદર નજીક આવેલા ગોરસર ટોલનાકા પાસે ગઈકાલે વહેલી સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. કાર અને બાઈક વચ્ચે થયેલી ભયાનક ટક્કરમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. મૃતકોમાં દંપતી સાથે તેમનો ત્રણ વર્ષનો માસૂમ પુત્ર પણ સામેલ હોવાથી સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે વહેલી સવારે એક પરિવાર બાઈક પર સવાર થઈને ગોરસર ટોલનાકા પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી કાર અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કરનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના લોકો દોડી આવ્યા હતા. અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણેય વ્યક્તિઓ રસ્તા પર દૂર સુધી ફંગોળાઈ ગયા હતા અને ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓમાં ૩૪ વર્ષીય નઝીર જુમા સાટી, તેમની ૩૦ વર્ષીય પત્ની રોઝીનાબેન નઝીર સાટી અને તેમના ત્રણ વર્ષના માસૂમ પુત્ર શાહનવાઝ નઝીર સાટીનો સમાવેશ થાય છે. પરિવારના ત્રણેય સભ્યો એક જ બાઈક પર મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ કાળમુખી અકસ્માત સર્જાયો હતો. એક સાથે દંપતી અને માસૂમ બાળકના મોતના સમાચાર મળતા પરિવારજનો અને સગાસંબંધીઓમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો તરત જ મદદ માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસનો કાફલો પણ ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને જરૂરી તપાસ શરૂ કરી હતી અને અકસ્માત અંગેની વિગતો એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે ત્રણેય મૃતદેહોને કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે માધવપુર CSC હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. સાથે જ અકસ્માત કેવી

અનુ પાના નં.૨ પર

## સુપ્રીમ ચાબૂક બાદ જામનગર જિલ્લામાં 'સ્પેશિયલ સેલ'ની રચના અને અધિકારીઓની જવાબદારી

**સમય સંદેશઃ જામનગર**

સુપ્રીમ કોર્ટે ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશન કેસની સુનાવણી દરમિયાન પર્યાવરણ પ્રદૂષણ અને ગેરકાયદેસર કચરાના ડમ્પિંગ સામે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે પર્યાવરણ સુરક્ષાને ''આવતી પેઢીઓ માટેનું રાષ્ટ્રધર્મ'' ગણાવીને સ્પષ્ટ કર્યું છે કે હવે માત્ર કાગળ પરના નિયમો નહીં, પરંતુ મેદાન પર ચોક્કસ અમલીકરણ જરૂરી છે. આ આદેશ અંતર્ગત દેશભરના જિલ્લા કલેકટરોને 'એન્વાયરોમેન્ટ પ્રોટેક્શન એક્ટ ૧૯૮૬' હેઠળ વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. નિયમોનું ઉલ્લંઘન કરનારા મોટા કચરા ઉત્પાદકો (બલ્ક વેસ્ટ જનરેટર) સામે પાણી અને વીજ પુરવઠો બંધ કરવા સુધીની કડક જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, પ્રવાસન સ્થળો, દરિયાકિનારા અને દ્વારકા-સોમનાથ જેવા યાત્રાધામો માટે અલગ વેસ્ટ મેનેજમેન્ટ મિકેનિઝમ ઊભું કરવા તેમજ સીએસઆર ફંડ દ્વારા 'વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ' સ્થાપવા રાજ્યોને આદેશ કરાયા છે.

સુપ્રીમ કોર્ટના આ કડક આદેશના પગલે જામનગર જિલ્લા કલેક્ટર એક્શન મોડમાં આવ્યા છે અને જિલ્લા કક્ષાએ એક હુકમ બહાર પાડીને ''સ્પેશિયલ સેલ'' (ખાસ કમિટી) ની રચના કરી છે. આ હુકમ અનુસાર, જિલ્લા કલેક્ટર પોતે આ સ્પેશિયલ સેલના અધ્યક્ષ રહેશે, જ્યારે જિલ્લા વિકાસ અધિકારી ઉપાધ્યક્ષ તરીકેની કામગીરી સંભાળશે. આ ઉચ્ચ સ્તરીય કમિટીમાં મહાનગરપાલિકા અને નગરપાલિકાના મુખ્ય અધિકારીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા પંચાયત, માર્ગ-મકાન વિભાગ અને ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓનો સભ્ય તરીકે સમાવેશ કરાયો છે, તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારીને સભ્ય સચિવની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

આ નવરચિત સ્પેશિયલ સેલ સમગ્ર જામનગર જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન અને પર્યાવરણ નિયમોના અમલ પર સીધી દેખરેખ રાખશે. કમિટીના સભ્યો દ્વારા ગેરકાયદેસર ડમ્પિંગ સાઈટ, રસ્તા કિનારે ફેંકાતો કચરો અને તળાવો-રેલવે ટ્રેક નજીકના ગંદકીવાળા વિસ્તારોની ટેકનોલોજી અને ફોટા સાથે વર્ચ્યુઅલ તપાસ કરવામાં આવશે તેમજ દર ૧૫ દિવસે રાજ્ય સરકારને આ અંગેનો રિપોર્ટ મોકલવાનો રહેશે. શહેરોમાં વોર્ડવાઇઝ ક્લીનલિનેસ રેન્કિંગ અને 'રિડ્યુસ-રીયુઝ-રીસાયકલ' સેન્ટરો ઊભા કરાશે. વધુમાં, જે સ્થાનિક સંસ્થાઓ (સુધરાઈ કે પંચાયત) સારું કામ કરશે તેમને સરકારી ગ્રાન્ટમાં પ્રાથમિકતા મળશે, જ્યારે નિષ્ફળ જશે તેમની સામે દંડાત્મક કાર્યવાહી થશે. આ નિયમોના વ્યાપક પ્રચાર માટે સ્થાનિક ભાષામાં જનજાગૃતિ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવશે.

## ટિફની ટ્રમ્પ અને પતિ જામનગરથી દિલ્હી રવાનાઃવનતારા પ્રોજેક્ટની મુલાકાત બાદ ખાસ વિમાનમાં પ્રસ્થાન



**સમય સંદેશઃ જામનગર**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ટિફની ટ્રમ્પ અને તેમના પતિ માઈકલ બોલોસ જામનગરમાં રિલાયન્સના 'વનતારા' પ્રોજેક્ટની મુલાકાત લીધા બાદ આજે બપોરે દિલ્હી જવા રવાના થયા છે. તેઓ ખાસ વિમાન મારફતે જામનગર એરપોર્ટ પરથી દિલ્હી માટે ઉડાન ભરી હતી. ટિફની ટ્રમ્પ અને માઈકલ બોલાસ સોમવારે ખાસ વિમાન દ્વારા જામનગર એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. બપોરે લગભગ ૧૧:૧૫ વાગ્યે ઉતરાણ કર્યા બાદ, તેઓ ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સીધા જ રિલાયન્સના વનતારા પ્રોજેક્ટ પહોંચ્યા હતા. ટિફની ટ્રમ્પ અને માઈકલ બોલોસે જામનગર સ્થિત વનતારા ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું. આજે બપોરે ૨:૪૫ વાગ્યે તેઓ ફરીથી એરપોર્ટ પર પહોંચ્યા અને ત્યાંથી દિલ્હી જવા રવાના થયા.


## તંત્રી સ્થાનેથી..

### મધ્યમ વરસાદ !


આ વર્ષે મધ્યમ ચોમાસાની આગાહી ખેડૂતો માટે ચિંતાના સમાચાર છે, ત્યારે તે ફરી એકવાર શહેરી સંસ્થાઓના પ્રેક્ટિશનરોની કસોટી કરશે. દેશ વર્ષોથી સ્માર્ટ સિટીનું સપનું જોઈ રહ્યો છે. પરંતુ કમનસીબે, આપણા શહેરો માત્ર પાણી ભરાવા અને લાંબા ટ્રાફિક જામ માટે હેડલાઈન્સમાં રહે છે. તેવી જ રીતે, મકાન બાંધકામ વિભાગે પણ શહેરોમાં જર્જરિત ઈમારતોની ઓળખ કરવી જોઈએ અને જરૂરી સાવચેતીના પગલાં લેવા જોઈએ. જો કે ખરાબ હવામાનથી ગરીબ લોકો સૌથી વધુ પ્રભાવિત થાય છે, પરંતુ આ વખતની કાળઝાળ ગરમીએ સુવિધાસભર લોકોને પણ કહી દીધું છે કે કુદરત તેમને છોડશે નહીં. શનિ–રવિના દિવસે કોંક્રીટના શહેરી જંગલોમાંથી પહાડો તરફ ભાગી જનારાઓ માટે બહુ રાહત નથી. કારણ કે મસૂરી, દેહરાદૂન, મનાલિ જેવા સ્થળો પણ હવે તપવા લાગ્યા છે. પ્રગતિની ઈમારતો બાંધતી વખતે આપણે કુદરત સાથેની સંવાદિતાને ખલેલ ન પહોંચાડીએ તો સારું રહેશે, તો આપણે ચોમાસાની રાહ જોવાની આવી તકલીફ વેઠવી ન પડે! આ વર્ષની ગરમીને લઈને છેલ્લા ઘણા મહિનાઓથી જે સંકટનું સ્તર અનુમાન કરવામાં આવી રહ્યું હતું તે ફળીભૂત થઈ રહ્યું છે. દિલ્હીમાં તીવ્ર ગરમીના મોજાને કારણે ૧૭ લોકોના મોત થયાના સમાચાર છે અને આ સંખ્યામાં વધારો થવાની આશંકા છે. સૂર્યની ગરમી સહન કરવાની મર્યાદા વટાવી ગયા બાદ જે લોકો બીમાર પડીને હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે તે દર્શાવે છે કે આ ગરમી તેમના પર છેલ્લા ઘણા સમયથી વધુ અસર કરી રહી છે. જો કે આ વખતે દેશભરમાં જે તાપમાનનો અનુભવ થઈ રહ્યો છે તે ચિંતાજનક છે, પરંતુ દિલ્હીમાં લઘુત્તમ તાપમાને છેલ્લા પંચાવન વર્ષનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. એક અંદાજ પ્રમાણે આ વખતે દેશમાં ગરમીને કારણે એક હજારથી વધુ લોકોની જિંદગી થીજી ગઈ છે.. આ નવું હવામાન આગામી વરસોમાં ભારતીય પ્રજાનું આખું જીવનચક્ર બદલી નાંખશે. બપોરના તાપમાને ઘણા લોકો માટે તેમની સામાન્ય દિનચર્યા જ નહીં પરંતુ તેમના જીવન પર પણ સંકટ ઉભું કર્યું છે. ઘણા રાજ્યોમાં, શાળાઓ બંધ કરવા અંગે નવી સૂચનાઓ જાહેર કરવી પડી હતી. હવે જ્યારે કટોકટી ઘરઆંગણે છે, ત્યારે પર્યાવરણને બચાવવા માટે યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવશે તેવી હજુ પણ કોઈ નક્કર ખાતરી નથી. જો કે ઉત્તર ભારત ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે. તેની ઝડપ પર નજીકથી નજર રાખી રહેલા હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ મહિનાના અંતમાં ઉત્તર ભારતીય રાજ્યોમાં ચોમાસું સંપૂર્ણ રીતે સક્રિય થયા પછી જ ગરમીમાંથી રાહત મળશે, જોકે તે પહેલાં હળવા વરસાદથી રાહત મળી શકે છે.



## હાલારના હાલહવાલ



# પુરૂષોત્તમ માસમાં વધતા શ્રદ્ધાળુ પ્રવાહને પગલે દ્વારકાધીશ મંદિરમાં વિશેષ દર્શન વ્યવસ્થા અમલમાં



**સમય સંદેશઃ દ્વારકા**

પવિત્ર પુરૂષોત્તમ માસના ઉત્તરાર્ધમાં શ્રદ્ધાળુઓની સતત વધી રહેલી સંખ્યાને ધ્યાનમાં રાખીને દ્વારકાધીશ જગત મંદિર ખાતે દર્શન

### મંગળા આરતી હવે સવારે ૫.૩૦ કલાકે યોજાશે

વ્યવસ્થામાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. ગોમતીઘાટ પર સ્નાન તેમજ દ્વારકાધીશના દર્શન માટે દરરોજ હજારો ભાવિકો વહેલી સવારથી જ ઉમટી પડતા હોવાથી મંદિર પ્રશાસન દ્વારા વિશેષ આયોજન હાથ ધરાયું છે.

મંદિર વ્યવસ્થાપન સમિતિની જાહેરાત અનુસાર આજથી પુરૂષોત્તમ માસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મંગળા આરતી સવારે ૫.૩૦ કલાકે યોજાશે. ભક્તોને વધુ સમય સુધી અને સરળતાથી દર્શનનો લાભ મળી રહે તે માટે મંગળા આરતી બાદ સવારે ૮.૦૦ કલાક સુધી મંગળા દર્શન ખુલ્લાં રાખવામાં આવશે. તાજેતરના દિવસોમાં વહેલી સવારે દર્શનાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાતા દર્શન વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું મંદિર તંત્રએ જણાવ્યું છે. મંગળા દર્શન પૂર્ણ થયા બાદ મંદિરનો નિયમિત દર્શનક્રમ અને દૈનિક ધાર્મિક કાર્યક્રમો પૂર્વવત્ ચાલુ રહેશે.

મંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણે જણાવ્યું હતું કે પુરૂષોત્તમ માસ દરમિયાન ભક્તોની સુવિધા અને દર્શન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે આ ખાસ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. તેમણે ભાવિકોને સમયસર ઉપસ્થિત રહી મંદિર તંત્રને સહકાર આપવા પણ અનુરોધ કર્યો છે. પુરૂષોત્તમ માસના પાવન અવસરે દ્વારકામાં ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ સર્જાયો છે અને આગામી દિવસોમાં પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના આગમનની શક્યતા વચ્ચે મંદિર તંત્ર દ્વારા જરૂરી તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

# કલ્યાણપુર તાલુકાના લાંબા ગામની પરિણીતાને અજાણ્યા ઈકો વાહને હડફેટે લેતા કરૂણ મોત

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામમાં માર્ગ અકસ્માતની એક દુઃખદ ઘટના સામે આવી છે. ગામમાં રહેતી પુરીબેન વેજાણંદભાઈ ગોજીયા (ઉ.વ. ૨૮) નામની આહીર પરિણીતાનું અજાણ્યા ઈક્કો કારના ચાલકની બેદરકારીના કારણે મૃત્યુ નીપજતાં પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર પુરીબેન પોતાના નિવાસસ્થાન નજીક હાજર હતા તે દરમિયાન પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક અજાણી ઈક્કો કારના ચાલકે તેમને અડફેટે લીધા હતા. અકસ્માતના કારણે પુરીબેનને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તેમને બચાવવાના પ્રયાસો હાથ ધરાયા હતા, પરંતુ ગંભીર ઇજાઓના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાણવા મળે છે.

આ દુર્ઘટનાને પગલે મૃતકના પતિ વેજાણંદભાઈ રણમલભાઈ ગોજીયા (ઉ.વ. ૨૯, રહે. લાંબા) દ્વારા કલ્યાણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ઈક્કો કારના ચાલક સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

બનાવ અંગેની વધુ તપાસ કલ્યાણપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એન. વાળાની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા વાહન અને તેના ચાલકની ઓળખ મેળવવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.


# જામખંભાળિયા ખાતે શુક્રવારે પી.એમ. પોષણ શક્તિ નિર્માણ યોજના દ્વારા મહારેલી નું અને ખાસ મિટિંગનું ભવ્ય આયોજન

## ગુજરાતના કરાર આધારિત આઉટસ માનવદ વેતન ધારક ના હિત રક્ષક તમામ સભ્યો એ હાજરી આપવા હાકલ

**સમય સંદેશઃ ખંભાળિયા**

દ્વારકા જિલ્લા ના કલેકટરને આવેદન પાઠવવા સહિતના કાર્યક્રમો પગાર વધારા સહિતના પ્રશ્નોની માંગણી કરવામા આવશે. આ મહારેલીમાં ગુજરાતના પી.એમ .પોષણ શક્તિ નિર્માણે આપેલા એલાનમાં સંચાલકો રસોઈયા, મદદનીશ નો હિત ઈચ્છતા હોય એવા સંગઠોના આગેવાનો પછી આશા વર્કર ,આંગણવાડી વર્કર તમામ એસ.એસ.ના આગેવાનો તથા







કર્મચારીઓ કરાર આધારિત આઉટસ કર્મચારીઓ આ પી. એમ. પોષણ યોજના ની મહારેલીમાં જોડાવવા હાકલ કરવામાં આવી છે. ૫ મીજૂન અને શુક્રવારે જામખંભાળિયા બસ સ્ટેન્ડની બાજુમાં સોરઠીયા વાણંદ સમાજની વાડી ખાતે સવારે ૧૦ વાગ્યે ભવ્ય મીટીંગ નું આયોજન સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કરવામાં આવેલ છે. સાથે સાથે મહારેલીનું પણ આયોજન કરવામાં આવેલ હોય .દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેકટરને આવેદન પાઠવી પગાર વધારવા સહિતની માંગણીઓ કરવામાં આવશે. તેમ પી.એમ. પોષણ શક્તિ નિર્માણ ના મહાસંઘના પ્રમુખ અમિતભાઈ કવિ તેમજ પ્રદેશ કન્વીનર વીરાભાઇ પીઠાભાઈ ચેતરીયા અને પી.એમ.પી. પ્રમુખ જામ કલ્યાણપુરના આલાભાઇ નથુભાઈ વારોતરીયા દ્વારા આ મહારેલીમાં બહોળી સંખ્યામાં કર્મચારીઓ સહિત લોકોને જોડાવવા અનુરોધ કરવામાં આવેલ છે.

# ભાદરા ગામની મુલાકાત લેતા કલેક્ટર પંડ્યા




**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર પી.બી.પંડ્યા જોડિયા તાલુકાના ભાદરા ગામે ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. કલેક્ટર પંડ્યા ગ્રામ પંચાયત કચેરી વિઝિટ લીધી હતી. ત્યાં તેઓએ સામાન્ય દફતર તપાસણી કરી રેકર્ડ ચકાસણી કરી જમીન પર દબાણો શોધવાની,પાણી પુરવઠા યોજનાના લાભ તથા અન્ય સરકારી યોજનાઓની માહિતી લોકોને મળી રહે તે અંગે જરૂરી સૂચનાઓ આપી હતી.

# ન્યુ જામનગર વસાહતની મુલાકાત લેતા કોર્પોરેટરો



**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વસેલા ન્યૂ જામનગર વસાહતમાં રહેતા નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ મળતી નથી. ખાસ કરીને પીવાનું પાણીનો ગંભીર પ્રશ્ન છે. આવા તમામ પ્રશ્નો અંગે આ વિસ્તારના ચારેય ભાજપના કોર્પોરેટરો સાથે મિટિંગ યોજી રજુઆતો કરી હતી. ન્યુજામનગર માં ખુબજ પ્રોબ્લેમ ની ચારેય કોર્પોરેટર સાથે ની મીટીગ વિગતો ની રજુવાત કરેલ હતી.. સોસાયટી ની તમામ બહેનો અને ભાઈઓ આ પ્રોબ્લેમ ના નિવારણ માટે સતત સક્રિય છે. તાજેતર માં બહેનો નિ રાસ્તા બ્લોક ના પ્રયત્નો કરેલ હતો. ન્યુજામનગર ખુબજ પ્રોબ્લેમ છે. જામનગર કલેકટર અને મહાનગરપાલિકાના કમિશ્નર પણ પત્ર આપેલ હતો. આ વિસ્તારના ચારે કોર્પોરેટરો એક સાથે ૧/૬/ ૨૦૨૬, સાંજે ૬.૦૦ ન્યુજામનગર , ગીતાજલિ સોસાયટી ના મંદિરે મિટીંગ માટે આવેલ હતા તઆ અનુસંધાને ન્યુજામનગર ૧ તથા ૨ મિટીંગ માં સોસાયટી ના વિવિધ મુદ્દાની રજૂઆત કરી હતીં . આ સમશ્યા ઝડપભેર ઉકેલવા માંગ કરી હતી. જેમાં પાણી નો પ્રોબ્લેમ. રસ્તા ના પ્રોબ્લેમ,ગટર કનેકશન પ્રોબ્લેમ, રસ્તા ની સફાઈ પ્રોબ્લેમ, રસ્તાની લાઇટ નો , વારંવાર લાઇટ જતી રહેવાનો અને લો વોલ્ટેજ થઇ જવા નો પ્રોબ્લેમ. છે.

આ સમસ્યાઓના ઉકેલ અંગે નવનિયુક્ત કોર્પોરેટરો જણાવ્યું હતુ કે પીવાનુ પાણી,સફાઈ,સ્ટ્રીટ લાઇટ સહિતના પ્રશ્નો વ્યાજબી અને સાચા છે. પરંતુ કોર્પોરેટર થયા તેને હજુ એક મહિનો પણ નથી થયો. જ્યારે સમસ્યાઓ વર્ષો જૂની છે. આ છતાં પીવાના પાણી સહિતના તમામ પ્રશ્નો ઝડપભેર ઉકેલાય તે માટે ચારેય કોર્પોરેટરો સાથે મળીને ઉકેલ લઈ આવીશું.

## જન્મદિન શુભેચ્છા

### જામનગરના વોર્ડ નં.૧૨ના કોંગ્રેસ પ્રમુખ મોહસીન ખફીનો આજે જન્મદિવસ



જામનગરના વોર્ડ નં.૧૨ના કોંગ્રેસ પ્રમુખ મોહસીન શબીરભાઇ ખફીનો આજે જન્મદિવસ છે. તા.૦૩/૦૬/ ૧૯૮૬ના જન્મેલા મોહસીનભાઈ ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧ માં વર્ષમાં પ્રવેશ્યા છે. હસમુખી સ્વભાવના કારણે તેઓ વિશાળ મિત્રવર્તુળ ધરાવે છે. અનેક વિવિધ સેવા પ્રવૃતિઓમાં તેઓ જોડાયેલા છે. ગરીબ દીકરીઓના લગ્ન પ્રસંગ હોય કે હોસ્પીટલમાં ગરીબ દર્દી માટે સેવા હોય તે ખૂબ ઉપયોગી કાર્ય કરે છે. બ્લડ કેમ્પ હોઇ કે મેડિકલ કેમ્પ તેમાં પણ ખૂબજ ઉપયોગી સેવા આપે છે. તેમના જન્મદિવસ નિમિત્તે 'સમય સંદેશ પરિવાર' શુભેચ્છા પાઠવે છે, તેમના મોબાઇલ નં.૯૯૦૯૩૯૨૭૮૬ છે.

## અનુસંધાન

### દુકાનો સીલ

(પાના નં. ૪ થી આગળ)

એકમો પર દરોડા દરમિયાન માલૂમ પડ્યું હતું કે, સીલ કરાયેલી ઘણી દુકાનો પાસે ફૂડ લાયસન્સ અથવા મહાનગરપાલિકાનું વેપાર લાયસન્સ પણ ન હતું. ફૂડ શાખાની તપાસમાં મોટાભાગની દુકાનોમાં સ્વચ્છતાનો સદંતર અભાવ જોવા મળ્યો હતો, જે જાહેર આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે તેમ હતો. આ ગંભીર બેદરકારી બદલ તંત્ર દ્વારા સ્થળ પર જ આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા જણાવાયું હતું કે, શહેરના કોઈપણ વિસ્તારમાં નિયમ ભંગ કરીને ચલાવવામાં આવતી આવી દુકાનો કે એકમો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. આગામી દિવસોમાં પણ આ પ્રકારની ચેકિંગ અને સીલિંગની ઝુંબેશ સતત ચાલુ રહેશે.

### દારૂ ઝડપાયો

(પાના નં. ૪ થી આગળ)

આવ્યા હતા. દરોડા દરમિયાન મકાન માલિક આરોપી મહાવીરસિંહ ઓઘુભા જાડેજા હાજર મળી ન આવતા પોલીસે આ શખ્સને ફરારી જાહેર કરી તેની સામે પ્રોહિબીશનની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ૨૦ વર્ષની કેદ

(પાના નં. ૪ થી આગળ)

મુજબ ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ, અને તે દંડ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદ ની સજા ભોગવવા હુકમ કર્યો છે. સાથે સાથે ભોગ બનનારને રૂપિયા ચાર લાખનું વળતર ચુકવવાનું પણ સ્પેશિયલ અદાલત ના જજ આર. પી.મૂંઘેરા દ્વારા આદેશ કરાયો છે આ કેસમાં સરકારી વકીલ તરીકે ભારતીબેન વાદી રોકાયા હતા.

### દર્શન કરી પરત

(પાના નં. ૪ થી આગળ)

ઇજાઓ પહોંચી હતી તેમજ તેમના કાનમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. જ્યારે જુબેરભાઈને ગોઠણના ભાગે સામાન્ય ઇજાઓ થઈ હતી. ઇજાગ્રસ્ત નાજીમભાઈને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતમાં બંને મોટરસાયકલોને પણ નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે અકસ્માત સર્જનાર બાઈકચાલક અલબાજભાઈ મુબારકભાઈ ગોધાવીયા (રહે. જોડિયા)એ પોતાની મોટરસાયકલ નંબર જી.જે.-૧૦-ઈ.ડી.-૮૮૧૬ બેફામ અને બેદરકારીથી ચલાવી આ અકસ્માત સર્જ્યો હતો. જોડિયા પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### હથિયારબંધી

(પાના નં. 3 થી આગળ)

લાલપુર પોલીસ દ્વારા શાકમાર્કેટ નજીક જુવાનસિંહ ધીરુભા વાઢેરને પ્લાસ્ટિકના હાથાવાળી છરી સાથે જાહેરમાં ફરતા ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે હથિયાર કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ૧૦ આરોપીઓ

(પાના નં. 3 થી આગળ)

સ્વામિનારાયણનગર, જામનગર,૮. સાગર ત્રિલોકભાઈ રાણા, રહે. નાગનાથ નાકા, જામનગર, ૯. વિવેક નવીનભાઈ સોલંકી, રહે. રાજપાર્ક, જામનગર, ૧૦. મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ જાડેજા, રહે. ગુલાબનગર, જામનગર વિવિધ કોર્ટોના સજા વોરંટની બજવણી આ કાર્યવાહી દરમિયાન ૪થી, ૫મી અને ૭મી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ તેમજ રાજકોટની અદાલતના વિવિધ ફોજદારી કેસ નંબરો હેઠળ જારી કરાયેલા કુલ ૧૩ સજા વોરંટોની સફળ બજવણી કરવામાં આવી હતી.

### વરસાદી આફત

(પાના નં. ૧ થી આગળ)

નીબેન કટારીયા નામની મહિલા અને એક ભેંસનું મોત થયું હતું. આ ઉપરાંત, ભાભર તાલુકામાં પણ વીજળી પડવાથી એક અજાણ્યા માજીનું મોત થતાં એક જ રાતમાં કુલ ૩ ના મોતથી અરેરાટી વ્યાપી ગઈ છે. પંથકમાં વ્યાપક નુકસાનીને પગલે સ્થાનિકોએ તાત્કાલિક સર્વે અને વળતરની માંગ કરી છે.

સ્માર્ટ સિટી અમદાવાદના જોધપુર વિસ્તારમાં ચોમાસાના પ્રથમ વરસાદે જ તંત્રના લોલંલોલ વહીવટનો પર્દાફાશ કર્યો છે. થોડા દિવસ પહેલા જ કોન્ટ્રાક્ટર દ્વારા રીપેર કરાયેલા રોડ પર યોગ્ય મજબૂતીકરણ ન કરાતા, પ્રથમ વરસાદમાં જ જમીન બેસી ગઈ હતી. આ કાચા રસ્તા પરથી પસાર થઈ રહેલો એક મોટો ટ્રક રસ્તાની વચ્ચે જ ઊંડે સુધી ખૂંપી ગયો હતો. આ ઘટનાને પગલે કોર્પોરેશન અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે સ્થાનિક વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### જમ્મુ-કાશ્મીરમાં મોટી કુદરત

(પાના નં. ૧ થી આગળ)

સ્થાનિક વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમો સક્રિય થઈ છે. રાહત ટીમો જેસીબી અને અન્ય મશીનોની મદદથી હાઈવે પરથી કાટમાળ હટાવવાના કામમાં જોડાઈ છે. ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા અને માર્ગને વહેલી તકે શરૂ કરવા પ્રયાસો ચાલુ છે.

આ ઘટનાની ગંભીર અસર કનેક્ટિવિટી પર પડી છે. કિશ્તવાડ-ઠઠરી માર્ગ સ્થાનિક લોકોની જીવાદોરી હોવાની સાથે વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. પહાડો પરથી ટનબંધ કાટમાળ રસ્તા પર આવી જવાથી આગામી દિવસોમાં આ વિસ્તારોમાં ભૂસ્ખલનનો ખતરો વધી શકે છે. સમગ્ર વિસ્તારમાં વહીવટી એલર્ટ જાહેર કરીને સ્થાનિક લોકોને પહાડી વિસ્તારો તેમજ નદી-નાળાની નજીક ન જવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

### આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ

(પાના નં. ૧ થી આગળ)

મળી આવ્યા છે. ગુજરાત ATS એ દિલ્હી પોલીસની મદદથી આ કન્સાઇનમેન્ટ મેળવનારા બે મુખ્ય આરોપીઓની દિલ્હીના દ્વારકા વિસ્તારમાંથી અટકાયત કરી લીધી છે. ઝડપાયેલા આરોપીઓમાં નાઇજીરીયન નાગરિક કેલ્વિન ચુકવુમા અને યુગાન્ડાના નાગરિક બ્યારુહંગા જેમ્સનો સમાવેશ થાય છે.

### દારૂ પીવડાવી દુષ્કર્મ

(પાના નં. ૧ થી આગળ)

પાર્ટીમાં સારા હોદ્દા અને પદની લાલચ આપીને પિતા-પુત્રે સાડા ચાર વર્ષ સુધી હવસનો શિકાર બનાવી. હદ તો ત્યારે થઈ જ્યારે પિતા-પુત્રે મહિલાને દારૂ પીવડાવીને તેનો નગ્ન વીડિયો ઉતારી લીધો અને ત્યારબાદ બ્લેકમેલિંગનો સિલસિલો શરૂ થયો હતો.

પીડિતાનો આરોપ છે કે આ માત્ર પિતા-પુત્રનો ગુનો નથી, પરંતુ આખા પરિવારે મળીને તેને માનસિક અને આર્થિક રીતે પણ તોડી નાખી છે. અશોક ઓઝાની પત્ની મોટીબેન ઓઝા અને પુત્રી ખુશી ઓઝાએ પણ પીડિતાને મોઢું બંધ રાખવા માટે જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ ઉપરાંત, પીડિતાને નવું મકાન અપાવવાના બહાને આ ઠગ પરિવારે રૂ. ૨૦ લાખ પણ પડાવી લીધા હોવાનો આક્ષેપ છે. આખરે હિંમત ભેગી કરીને પીડિતાએ વડોદરાના કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવી છે. પોલીસે આખા પરિવાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજનીતિમાં મહિલા સુરક્ષાના દાવાઓ વચ્ચે વડોદરાની આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ બાકીના આરોપીઓને ક્યારે જેલના સળિયા પાછળ ધકેલે છે.

### ૭ના કરૂણ મોત

(પાના નં. ૧ થી આગળ)

રીતે સર્જાયો અને તેમાં કાર ચાલકની શું ભૂમિકા હતી તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં કારની અતિઝડપ અકસ્માતનું કારણ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે સત્તાવાર કારણ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.હાલ પોલીસે ગુનો નોંધીને અકસ્માત સર્જ્યા બાદ નાસી છૂટેલા કાર ચાલકની સઘન શોધખોળ શરૂ કરી છે. આસપાસના વિસ્તારોના ઈઇઝટ ફૂટેજ તેમજ અન્ય પુરાવાઓના આધારે આરોપી સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

બીજી તરફ સુરતના બારડોલી નજીક ઉવા ગામ પાસે બે બસો વચ્ચે ભયંકર ટક્કર બાદ એક બસ પલટી મારી જતા તેમાં આગ લાગી હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સમગ્ર ઘટનામાં ૭ લોકોના મોત નીપજ્યાની કલેકટરે પુષ્ટિ કરી છે. જ્યારે અનેક લોકો ઇજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, બારડોલીના ઉવા ગામ નજીક બે સરકારી એસ.ટી. બસો વચ્ચે ખતરનાક ટક્કર વાગતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બંને બસ મહારાષ્ટ્ર પાસિંગની છે. ઘટના એમ છે કે, હાઈવે પર એક ટેન્કર પલટી મારી ગયું હતું. આમ પાછળ આવતી બસના ચાલકે ટેન્કર સાથે અથડામણ ટાળવાનો પ્રયત્ન કરતા બસ ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેમાં બસ ડીવાઈડર કૂદી સામે આવતી અન્ય બસ સાથે ભયંકર રીતે ટકરાઈ હતી.

ગમખ્વાર અકસ્માતમાં એક બસ ઈગત્રદ્ધ હોવાથી ટક્કર બાદ તેમાં આગ ફાટી નીકળી હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં ૭ લોકોના મોત થયા છે. બસ અકસ્માતની ઘટનાની જાણ થતાં ફાયર અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી.

# BSE ચેરમેન અને સેક્રેટરીને હટાવાયા, તપાસ માટે કમિટીની રચના, મોદી સરકારનું મોટું એક્શન

**સમય સંદેશઃ નવીદિલ્હી**


દેશની સૌથી મોટી શાળા પરીક્ષા સંસ્થા, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની કામગીરી, આંતરિક વ્યવસ્થા અને ચાલી રહેલા વિવાદો અંગે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારના નવા આદેશો અનુસાર, CBSEના અધ્યક્ષ અને સચિવની બદલી કરવામાં આવી છે. પરીક્ષાઓના મેનેજમેન્ટ, મૂલ્યાંકન પ્રક્રિયાઓમાં આવતી ટેકનિકલ અને વ્યવહારુ મુશ્કેલીઓ અને જવાબદારી સ્થાપિત કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ નિર્ણયને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. સરકાર આ નિર્ણય CBSEની કોપીઓની તપાસ અને રિઝલ્ટ પછીની પ્રક્રિયાઓ અંગે ઘણા અઠવાડિયાથી ચાલી રહેલી તપાસ બાદ લીધો છે. આ તપાસથી દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં ચિંતા અને તકલીફ ઉભી થઈ હતી. સૂત્રો દ્વારા મળતા અહેવાલો જણાવે છે કે વડા પ્રધાન મોદી NEET પેપર લીક અને CBSE OSM મામલા બંને પર નજીકથી નજર રાખી રહ્યા છે.

# પ્રભારીમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જામનગર જિલ્લા આયોજન મંડળની બેઠક

## વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૧૩૪૬.૩૫ લાખના કુલ ૪૧૪ કામો બેઠકમાં મંજુર થયા



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અને જામનગર જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં તથા જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેકટરશ્રી પી.બી. પંડ્યાની ઉપસ્થિતિમાં જામનગર જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિકાસલક્ષી કાર્યો, સરકારની કલ્યાણકારી યોજનાઓની અમલવારી તેમજ આગામી વિકાસ આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં પ્રભારીમંત્રીશ્રી ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા અને જિલ્લાના વિકાસકાર્યોની પ્રગતિની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા વિકાસ પ્રકલ્પોની સ્થિતિ અંગે માહિતી મેળવી સમયબદ્ધ અને ગુણવત્તાસભર કામગીરી સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચનો આપ્યા હતા. જિલ્લામાં માર્ગ અને મકાન, પીવાના પાણી, આરોગ્ય, શિક્ષણ, ગ્રામ વિકાસ, શહેરી સુવિધાઓ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. વિવિધ વિભાગોના અધિકારીઓએ યોજનાઓ અને પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે માહિતી આપી હતી.

પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના વિકાસલક્ષી અભિગમને અનુરૂપ જિલ્લાના દરેક વિસ્તારમાં વિકાસના લાભો પહોંચે તે માટે સંકલિત પ્રયાસો જરૂરી છે. તેમણે જનહિતને કેન્દ્રમાં રાખી વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા અને લોકોની અપેક્ષાઓને સંતોષે તે રીતે કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો. બેઠકમાં જિલ્લાના વિકાસ માટે જરૂરી વિવિધ મુદ્દાઓ પર રચનાત્મક ચર્ચા કરવામાં આવી હતી અને આગામી સમયગાળા માટેના આયોજન અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. બેઠકમાં જામનગર, કાલાવડ, ધ્રોલ, જોડિયા, લાલપુર તથા જામજોધપુર તાલુકાના તથા ચાર નગરપાલિકાઓ ધ્રોલ, કાલાવડ,સિક્કા અને જામજોધપુરના વિકાસ કામો માટે કુલ રૂ.૧૩૪૬.૩૫ લાખના કુલ ૪૧૪ કામો મંજુર કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રંજનબેન જીવાણી, મેયરશ્રી મોનિકા વ્યાસ, ધારાસભ્યશ્રી રાઘવજીભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, અગ્રણીઓશ્રી બીનાબેન કોઠારી, ડો.વિનોદભાઈ ભંડેરી, જામનગર જિલ્લા આયોજન અધીકારીશ્રી, લગત વિભાગના અધિકારીશ્રીઓ વગેરે હાજર રહ્યા હતા.

# કનસુમરાગામ નજીક આવેલી રેલવે ટ્રેક પાસે અજાણ્યા યુવકનું મૃત્યુ


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પંચકોશી ''બી'' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કનસુમરા ગામ નજીક આવેલા રેલવે ટ્રેક પરથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતાં પોલીસે વાલી-વારસની શોધખોળ હાથ ધરી છે અને જનતાને ઓળખ અંગે મદદ કરવા અપીલ કરી છે. પંચકોશી ''બી'' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અ.મોત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ-૧૯૪ મુજબ નોંધાયેલ બનાવ અનુસાર, તા. ૧૯ મે ૨૦૨૬ના રોજ બપોરે અંદાજે ૧.૦૦ વાગ્યા અગાઉ કનસુમરા ગામ નજીક રેલવે ટ્રેક પર પોલ નં. ૮૩૪/૩૭ થી ૮૩૪/૩૯ વચ્ચે તેમજ ફાટક નં. ૨૦૩ અને ૨૦૪ની વચ્ચે એક અજાણ્યો પુરુષ ગંભીર હાલતમાં મળી આવ્યો હતો.

મૃતકના માથાના ભાગે ગંભીર ઇજાઓ જોવા મળી હતી. બેભાન હાલતમાં મળી આવેલા આ વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ સાંજે ૫.૪૦ વાગ્યે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસ તપાસ મુજબ મૃતકની ઉંમર અંદાજે ૩૦ વર્ષ જેટલી હોવાનું જણાય છે. મૃતકના ડાબા હાથ પર અંગ્રેજીમાં 'સુદીપ' લખાવેલું ટેટૂ જોવા મળ્યું છે, જે તેની ઓળખ માટે મહત્વની કડી બની શકે છે. અત્યાર સુધી મૃતકની ઓળખ તેમજ તેના વાલી-વારસ અંગે કોઈ માહિતી મળી આવી નથી. પ્રાથમિક તપાસમાં મૃતક બહારના રાજ્યનો રહેવાસી હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના પગલે પંચકોશી ''બી'' ડિવિઝન પોલીસ દ્વારા વિવિધ માધ્યમો મારફતે મૃતકની ઓળખ મેળવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે કોઈ વ્યક્તિને મૃતક અંગે કોઈ માહિતી હોય અથવા તેના વાલી-વારસ વિશે જાણકારી હોય તેમણે તાત્કાલિક પંચકોશી ''બી'' ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગરનો સંપર્ક કરી પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે..

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આપઘાતની ત્રણ ઘટના

# એરફોર્સના સાર્જન્ટ સહિત બેના મોત, જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો એક યુવાન

### જામનગરમાં પત્ની રિસાઈને ચાલી જતાં એકલતાથી કંટાળેલા પ્રૌઢે ઝેરી દવા પીને જીવ ગુમાવ્યોઃ ભાટિયામાં પત્ની અને પરિવાર વચ્ચેની રોજ-રોજની કકળાટથી કંટાળી બ્રાહ્મણ યુવાને પશુની દવા ગટગટાવી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આપઘાત અને આત્મહત્યાના પ્રયાસના ત્રણ અલગ-અલગ હૃદયદ્રાવક બનાવો સામે આવ્યા છે. જેમાં જામનગર એરફોર્સના એક સાર્જન્ટે ગળેફાંસો ખાઈને અને અન્ય એક પ્રૌઢે પત્નીના વિરહમાં ઝેર પીને પોતાનું જીવન ટૂંકાવ્યું છે. જ્યારે કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે પારિવારિક કંકાસથી કંટાળીને એક યુવાને ઝેરી દવા પી લેતા તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો છે.

જામનગર શહેરના એરફોર્સ-૧ ના ગેટ નંબર-૨ નજીક આવેલા સરકારી ક્વાર્ટરમાં રહેતા અને એરફોર્સમાં સાર્જન્ટ તરીકે ફરજ બજાવતા ૩૬ વર્ષીય રોહિતભાઈ નરેશભાઈ ધનખડ પોતાના નિવાસસ્થાને મૃત હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, રોહિતભાઈએ પોતાના રૂમમાં પંખા સાથે દોરી બાંધીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ ઘટનાથી એરફોર્સ પરિસરમાં દોડધામ મચી ગઈ હતી. સીટી 'સી' ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ડી. એન. ત્રિવેદીએ મૃતકના પત્ની પ્રીતિબેનની જાહેરાતના આધારે અકસ્માતે મોતની નોંધ કરી, સાર્જન્ટે આ અંતિમ પગલું કયા કારણોસર ભર્યું તે દિશામાં તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં જામનગરના નવીવાસ, મચ્છુમાતાજીના મંદિર સામે રહેતા ૪૮ વર્ષીય શાંતિલાલ કાળુભાઇ ટાંક નામના પ્રૌઢને દારૂ પીવાની કુટેવ હતી. આ આદતથી કંટાળીને તેમના પત્ની છેલ્લા ઘણા સમયથી અલગ રહેવા ચાલ્યા ગયા હતા. પત્નીના ગયા બાદ શાંતિલાલ એકલવાયું જીવન જીવતા હતા અને આ એકલતાથી કંટાળીને તેમણે ગત તા. ૯-૫-૨૦૨૬ ના રોજ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં લાંબી સારવાર બાદ ગઈકાલે હોસ્પિટલના બિછાને તેમનું દમ તોડ્યું હતું. સિટી 'એ' ડિવિઝન પોલીસે મૃતકના પત્ની મંજુલાબેનની બાતમી પરથી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ત્રીજો બનાવ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે બન્યો છે. અહીં રહેતા દિલીપભાઈ પરબતભાઈ ઓડીચ (ઉ.વ. ૨૪) નામના બ્રાહ્મણ યુવાનને તેમના પત્ની સાથે અવારનવાર બોલાચાલી થતી હતી. એટલું જ નહીં, તેમના પત્નીને ઘરના અન્ય સભ્યો એટલે કે દિલીપભાઈના ભાઈ અને ભાભી સાથે પણ નાની-નાની વાતોમાં રોજબરોજ રકઝક થતી હતી. આ રોજિંદા ગૃહકંકાસથી કંટાળીને દિલીપભાઈને મનમાં લાગી આવ્યું હતું, જેથી તેમણે પશુઓમાં જીવાત મારવાની ઝેરી દવા પી લીધી હતી. યુવાનને ગંભીર હાલતમાં વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ નાજુક હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કલ્યાણપુર પોલીસે આ અંગે નોંધ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# જામનગરમાં કાળઝાળ ગરમીથી રાહત આપવા ટ્રાફિક પૉલીસ અને ટીઆરબી જવાનો દ્વારા છાશ વિતરણ






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં છેલ્લા એક મહિનાથી પડી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે શહેરની ટ્રાફિક વ્યવસ્થા જાળવી રાખવા માટે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ અને ટી.આર.બી. જવાનોને રાહત આપવા માટે એક માનવીય પહેલ શરૂ કરવામાં આવી છે. જામનગર ટ્રાફિક પોલીસ દ્વારા તમામ મુખ્ય ટ્રાફિક પોઈન્ટ્સ પર ફરજ પરના જવાનોને નિયમિતપણે ઠંડી છાશનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

સતત વધી રહેલા તાપમાન વચ્ચે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું નિયમન કરવું અત્યંત પડકારજનક બન્યું છે. આમ છતાં, ફરજ પર તૈનાત ટ્રાફિક પોલીસ અને ટી.આર.બી.ના જવાનો કોઈ પણ ફરિયાદ વગર પોતાની સેવા આપી રહ્યા છે. આવા કપરા સમયે જામનગર ટ્રાફિક પીઆઈ એસ.વી. ચૌધરી દ્વારા આ સંવેદનશીલ પહેલ કરવામાં આવી છે. જવાનોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા અને તેમના ઉત્સાહને જાળવી રાખવાના હેતુથી આ વિતરણ શરૂ કરાયું છે.

ભૂખ અને તરસની પરવા કર્યા વગર ટ્રાફિક સંભાળતા જવાનોને ફરજ સ્થળ પર જ ઠંડી છાશ મળતા તેમને મોટી રાહત અનુભવાય છે. પોલીસ વિભાગની આ પહેલ માત્ર કર્મચારીઓની સુખાકારી માટે જ નહીં, પરંતુ એક પરિવાર ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પણ પૂરું પાડે છે. સ્થાનિક નાગરિકો પણ પોલીસ વિભાગના આ માનવીય અભિગમને બિરદાવી રહ્યા છે અને સોશિયલ મીડિયા પર આ કામગીરીની પ્રશંસા થઈ રહી છે. જામનગર ટ્રાફિક પોલીસની આ પહેલ અન્ય વિભાગો માટે પણ પ્રેરણારૂપ બની છે. જ્યારે કર્મચારીઓ પોતાના સ્વાસ્થ્યના ભોગે શહેરની સેવા કરતા હોય, ત્યારે આવી કાળજી ખરેખર પ્રશંસનીય છે.

# નાસતા-ફરતા ૧૦ આરોપીઓને ઝડપી જેલ હવાલે કરતી જામનગર સીટી બી ડિવિઝન પોલીસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્તરાય તથા જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિમોહન સૈની દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ના માર્ગદર્શન હેઠળ તથા જામનગર સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન. એમ. ગઢવી ના માર્ગદર્શન મુજબ ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમિયાન પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ. જી. કેશવાલા તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી. જી. રાજ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન મળેલી ખાનગી બાતમીના આધારે નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ વિવિધ કોર્ટોમાંથી સજા પામેલા અને વોરંટ બાદ પણ નાસતા-ફરતા આરોપીઓ અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસે વિવિધ કોર્ટોના કુલ ૧૩ સજા વોરંટની બજવણી કરી ૧૦ આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી બાદ જેલ હવાલે કર્યા હતા. આ તમામ આરોપીઓ સામે જામનગર તથા રાજકોટની વિવિધ અદાલતોમાં ચેક રિટર્ન સહિતના કેસોમાં સજા ફટકારવામાં આવી હતી. ઝડપાયેલા આરોપીઓ ૧. મનોજગીરી સુરેશગીરી ગોસાઈ, રહે. નવાગામ ઘેડ, જામનગર, ૨. વિજયભાઈ ડાયાભાઈ ગુજરાતી, રહે. નવાગામ ઘેડ, જામનગર, ૩. કેસુર દેવાયતભાઈ વારોતરીયા, રહે. અજંતા એલોસ એપાર્ટમેન્ટ, વિરલબાગ પાસે, જામનગર, ૪. રૂષીતભાઈ કાનજીભાઈ ગઢવી, રહે. રામેશ્વરનગર, માટેલ ચોક, જામનગર, ૫. પ્રફુલચંદ્ર અમૃતલાલ મદાણી, રહે. લોકરચના એપાર્ટમેન્ટ, જામનગ, ૬. મહમદ ફરીદ ફારુક ખુરેશી, રહે. ગુલાબનગર, જામનગર, ૭. નલીન બાબુભાઈ ચૌહાણ, રહે.

અનુ પાના નં.૨ પર

# જામનગરના હાપા વિસ્તારમાં મોડી રાત્રે ડી.જે. મુદ્દે થયો વિવાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના હાપા સામતપીર વિસ્તારમાં રહેતી રેખાબેન રાજુભાઈ કરમુર પોતાના પરિવારજનો સાથે ઘર આગળ બેઠી હતી. તે દરમિયાન પડોશમાં રહેતા કેટલાક લોકો બોલેરો વાહનમાં સ્પીકર લગાવી ઊંચા અવાજે ગીતો વગાડી ડીજે કરી રહ્યા હતા. ઉપરાંત તેઓ અપશબ્દોનો પણ ઉપયોગ કરી રહ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આથી ફરિયાદીના પિતા લખનભાઈ ચંદ્રેશા તેમને સમજાવવા માટે ગયા હતા. જોકે, આ બાબતે બંને પક્ષ વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. દરમિયાન ફરિયાદી તથા તેમના ભાઈ સુરજભાઈ વચ્ચે પડતાં આરોપીઓ વધુ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓ પૈકી એકના હાથમાં રહેલી લાકડી વડે હુમલો કરવામાં આવતા ફરિયાદીને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી અને ત્રણથી ચાર ટાંકા લેવા પડ્યા હતા. ઉપરાંત ડાબા હાથના કાંડા પર પણ ઈજા પહોંચી હતી.

બનાવ અંગે રેખાબેન કરમુરની ફરિયાદના આધારે ગોપાલભાઈ, વિપુલભાઈ, સંજયભાઈ અને પ્રવીણભાઈ માહલીયા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. હાપામાં સામાન્ય બાબતે શરૂ થયેલો વિવાદ મારામારી સુધી પહોંચતા સ્થાનિકોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે.

# ખીમરાણાના દારૂ પ્રકરણમાં નિષ્પક્ષ તપાસ કરવા કોંગ્રેસે પાઠવ્યું આવેદન


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ખીમરાણામા દારૂ પ્રકરણને લઈને થયેલી બબાલ બાદ હવે રાજકીય માહોલ ગરમાયો છે. યુવા કોંગ્રેસના આગેવાન દેવરાજભાઈ ગોહીલ વિરુદ્ધ નોંધાયેલા ગુનાની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ કરવાની માંગ સાથે જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર અપાયું હતું અને સમગ્ર ઘટનાક્રમના વીડિયો પુરાવા, ડિજિટલ રેકોર્ડિંગ તેમજ પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોના આધારે ઉચ્ચસ્તરીય નિષ્પક્ષ તપાસની માંગ ઉઠાવવામાં આવી હતી. સાથે જ કોઈપણ પ્રકારના રાજકીય દ્વેષ કે દબાણ વિના ન્યાયી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે.

# કલ્યાણપુરનાં જામપરની સીમમાંથી મોરમનું ગેરકાયદેસર ખનન પકડાયું

**સમય સંદેશઃ કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પંથકમાં અગાઉ વિવિધ પ્રકારની ખનીજ ચોરી તેમજ માટી (મોરમ)ની ચોરી ઝડપાઈ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલસીબી પોલીસની ટીમ દ્વારા અવિરત રીતે જારી રાખવામાં આવેલી ગેરકાયદેસર મોરમ ખનન અંગેની કાર્યવાહીમાં એલસીબી વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તથા પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારીની ટીમ દ્વારા ગઈકાલે સોમવારે કલ્યાણપુર પંથકના હાથ ધરવામાં આવેલા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન એલસીબીના એ.એસ.આઈ. જેસલસિંહ જાડેજા, ડાડુભાઈ જોગલ, ખીમાભાઈ કરમુર, લાખાભાઈ પિંડારિયા તથા જેઠાભાઈ પરમારની ટીમ દ્વારા બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના જામપર ગામની સીમ વિસ્તારમાં આવેલી મીઠડી ધારમાં બે અલગ અલગ જગ્યાએ મોરમ (માટી)નું જેસીબી જેવા સાધનોની મદદથી ખનન કરી અને આ મોરમ (માટી)નું ટ્રેક્ટર મારફતે વહન થતું હોવાથી આ સ્થળે દરોડા અંગેની કાર્યવાહી કરવામાં આવી હતી. આ સ્થળેથી પોલીસે જુદા જુદા નંબરના બે જેસીબી તથા આશરે ચાર-ચાર ટન જેટલી મોરમ ભરેલા ચાર ટ્રેક્ટર કબ્જે કરી, આ અંગે વધુ કાર્યવાહી અર્થે ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો છે.

# જામનગર પંથકમાં હથિયારબંધીના અમલી જાહેરનામાનો ભંગ કરનાર ચાર ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં અમલમાં રહેલા હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ અલગ-અલગ પોલીસ મથકો દ્વારા ચાર શખ્સોને ઝડપી પાડી તેમની પાસેથી છરીઓ કબ્જે કરવામાં આવી છે. તમામ આરોપીઓ સામે ગુજરાત પોલીસ એક્ટ હેઠળ ગુના નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સીટી સી ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે અંધાશ્રમ આવાસ નજીક જાહેર રોડ પરથી મિલનભાઈ ઉકાભાઈ ભાટીયાને પોતાના કબ્જામાં છરી રાખી જાહેરમાં ફરતા ઝડપી પાડ્યો હતો. આરોપી સામે હથિયારબંધી જાહેરનામાનો ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ જ વિસ્તારમાં હાથ ધરાયેલી અન્ય કાર્યવાહીમાં ભરતભાઈ અનતરાય પરમારને પણ છરી સાથે જાહેરમાં ફરતા ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે છરી કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિક્કા ગામના ગોકુલપુરી વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ધનશ્યામસિંહ માધુભા ચુડાસમાને સ્ટીલના હાથાવાળી છરી સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આધાર પુરાવા વગર હથિયાર રાખવા બદલ તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

અનુ પાના નં.૨ પર

# જામનગરના સત્યમ કોલોની-સમર્પણ રોડ ઉપરના અન્ડરબ્રીજમાં અંધકાર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સત્યમ કોલોનીથી સમર્પણ હોસ્પિટલ જવા માટેના રોડ ઉપર જે અંડરબ્રિજ મહાનગરપાલિકાનો આવેલ છે. એ અંદરબ્રિજમાં દિવસના ભાગમાં ઘોર અંધકાર રહેતો હોય જેથી અકસ્માતનો ભય સતાવે છે.

આ અંડરબ્રિજમાં મુકવામાં આવેલી લાઇટો શોભાના ગાંઠિયા સમાન બની રહી છે. એટલું જ નહીં રાહદારીઓને ખૂબ જ મુશ્કેલી પડતી હોય દિવસના ભાગે તાત્કાલિક આ લાઇટો કાર્યરત રહે તેવી માંગ પણ લોકોમાંથી ઉઠી રહી છે. લાઇટો બંધ હોવા અંગેની ફરિયાદ આ વિસ્તારના જાગૃત કોર્પોરેટરને કરવા છતાં કોઇ ઉકેલ ન આવતો હોવાની ફરિયાદ પણ રહેવાસીઓ કરી રહ્યાં છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૭માં સત્યમ કોલોની વિસ્તારમાં પ્રથમ રેલવે અંડરબ્રિજનું નિર્માણ થયું છે. આ અંડરબ્રિજમાં બન્ને તરફ છ-છ લાઇટો મુકવામાં આવી છે.

પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે આ તમામ લાઇટો દિવસના ભાગે બંધ હોય છે. જેને લીધે આ અંડરબ્રિજમાં ઘોર અંધકાર જેવું વાતાવરણ રાહદારીઓ અનુભવે છે. ખાસ કરીને ચોમાસાની સિઝનમાં તો પાણી પર ભરાયેલું હોય છે અને સાથે સાથે લાઇટ પણ હોતી નથી ત્યારે મહાનગરપાલિકાનું તંત્ર આ અંડરબ્રિજની શોભાના ગાંઠિયા સમાન બનેલી લાઇટો તાત્કાલિક ચાલુ કરવામાં આવે એવો સુર અહિંના રહેવાસીઓ વ્યકત કરી રહ્યાં છે. કારણ કે આ અંડરબ્રિજ સમર્પણ હોસ્પિટલ વિસ્તારમાં રહેતાં રહેવાસીઓ માટે ખૂબ જ આશિર્વાદરૂપ છે. આ બંધ લાઇટો અંગે આ વિસ્તારના કોર્પોરેટરોને રહેવાસીઓને રજૂઆત કરવા છતાં લાઇટો કાર્યરત શા માટે નથી થતી? તે સવાલ મુંજવી રહ્યો છે. સવારથી રાત સુધીમાં આ અંડરબ્રિજમાંથી અનેક વાહનો અને રાહદારીઓ પસાર થાય છે. ત્યારે લાઇટો શા માટે બંધ રાખવામાં આવે છે તે સવાલ પણ ઉઠે છે? ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ આ લાઇટો બંધ હોય જેને કારણે મુશ્કેલી અનુભવે છે.

# જામનગરમાં જૂનું બાલમંદિર તોડાયુંઃ મહાપાલિકાએ આધાર સેન્ટર તરીકે વપરાતું દબાણ દૂર કર્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાએ શહેરના ઐતિહાસિક અને પ્રવાસન સ્થળ એવા લાખોટા તળાવના સૌંદર્યીકરણની કામગીરી પ્રગતિમાં છે. તળાવની પાળ પર આવેલું આ વર્ષો જૂનું બાલમંદિર, જેનો ઉપયોગ આધાર કેન્દ્ર તરીકે થતો હતો, તે આધુનિકીકરણ અને વોકિંગ ટ્રેક સહિતના બ્યુટીફિકેશન પ્લાનમાં નડતરરૂપ હતું. મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ કમિશનરની સૂચનાથી ડિમોલિશન ટીમ ઘટનાસ્થળે મોકલી હતી. ટીમે જેસીબી મશીન વડે આ જૂના બાંધકામને







તસવીરઃ હિરેન ગાંધી

સંપૂર્ણપણે તોડી પાડ્યું. આ જગ્યા ખુલ્લી થતાં હવે તળાવના સૌંદર્યીકરણની કામગીરી વધુ ઝડપથી આગળ વધશે અને પ્રોજેક્ટ નિર્ધારિત સમયમાં પૂર્ણ થઈ શકશે. આમ જામનગર શહેરમાં વિવિધ સ્થળોએ વિકાસના ઓઠા હેઠળ પાડતોડની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ બાબતે ક્યાંક ખુશી તો ક્યાંક ગમ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કારણ કે, અમુક જગ્યાએ ડિમોલિશન થયાં બાદ પુનઃ મૂળ સ્થિતિ હજુ સુધી આવી નથી તો વિસ્થાપિતાને આપવાનું નક્કી કરાયેલું વળતર પણ હજુ સુધી નહીં ચૂકવાતા રોષ ઠાલવાઈ રહ્યો છે.

# સ્વામીનારાયણ નગરથી ગાંધીનગર સુધીના ડીપી રોડનું કામ અધરૂ રખાતા લોકો નારાજ

## ડિમોલેશનમાં અસરગ્રસ્તોને વળતરનો પ્રશ્ન અધ્ધરતાલઃ ૧૬૦ અરજીઓ પૈકી માત્ર ૭ આસામીઓને જ વળતર ચુકવાયું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સ્વામીનારાયણ-નગરથી નવાગામ ઘેડ થઈને ગાંધીનગર સુધીનો ૧૨ મીટર ડીપી રોડ કાઢવા માટે ૩૩૧ મકાનોના મેગા ડિમોલીશનને રાઈટ એક વર્ષ થયું છે. ડિમોલીશન બાદ તંત્રને મળેલી ૧૬૦ અરજીઓ પૈકી માત્ર ૭ આસામીઓને જ વળતર ચુકવાયું છે.

ડિમોલીશનમાં મકાન, દુકાન કે મકાનોનો ભાગ ગુમાવનારા લોકો પૈકીના હાઉસીંગ બોર્ડના, સ્લમ બોર્ડના, ઈન્દીરા આવાસ યોજનાના મકાનો ધારાવતા, ઈમ્પેક્ટ ફી ભરેલા મકાન ધારકોને વળતરનું શું ? તંત્ર તેઓને વળતર ક્યારે આપશે? તે સવાલ ઉઠ્યો છે. તંત્રએ ડીપી રોડ ખુલ્લો કરાવ્યો, પરંતુ અહીં પુરો રોડ થયો નથી. ગત વર્ષે તા.૩૧ મે થી તા.૫ જુન સુધીમાં મહાનગરપાલિકાના તંત્રએ પોલીસ, પીજીવીસીએલને તેમજ પાઈવેટ સ્લેબ બેકરોને સાથે રાખીને જેસીબી અને અન્ય સામગ્રી દ્વારા સ્વામીનારાયણનગરથી ગાંધીનગરનો ૧૨ મીટર ડીપી રોડ કાઢવા ૪૫ આખા મકાનો, ૪૦ ગેરકાયદેસરની શટર વગરની દુકાનો તેમજ ૨૪૬ મકાનો મળીને કુલ ૩૩૧ ઈમારતોનું પુર્ણ અને આંશિક ડિમોલીશન હાથ ધર્યું હતું.

કામગીરીની શરૂઆતમાં પોલીસ અને મહાનગરપાલીકાની ટીમ સાથે વિસ્તારના તે વખતના મહિલા કોર્પોરેટર અને વિસ્તારના નાગરિકોને ઘર્ષણ થયું હતું. બાદમાં પ્રથમ દિવસે જ ૮૫ ઈમારતો તુટી હતી અને પછી ક્રમશઃ ૩૩૧ ઈમારતોનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું. આ કામગીરી પાંચ દિવસ ચાલી હતી. આજે તા.૧ જુનના રોજ આ કામગીરીને એક વર્ષ પુરું થયું છે. ત્યારે ડિમોલીશન વખતની સ્થિતિ યથાવત જોવા મળી છે. જે રોડ માટે કામગીરી થઈ હતી. તે રોડ પણ પુરો બન્યો નથી. ઉપરાંત લોકોમાં વળતર ક્યારે મળશે ? તેવો સવાલ ગુંજે છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ ડિમોલીશનમાં નવાગામ ઘેડમાં આવેલી સરકારી ઈન્દીરા આવાસ યોજના, હાઉસીંગ બોર્ડ તેમજ સ્લમ બોર્ડના મકાનોનું ડિમોલીશન પણ થયું હતું.

આ ઉપરાંત જયારે વિસ્તાર મહાનગરપાલિકામાં ભળ્યો ન હતો. ત્યારે લોકો નવાગામ મ્યુ. બરોને વેરા તો ભરતા હતા. આવા વેરા પહોંચ ધારકોને પણ વળતર મળવું જોઇએ. પરંતુ વળતર માત્ર સાત લોકોને મળ્યું છે.

# કરોડની છેતરપિંડી કેસનો આરોપી ૬ દિવસના રિમાન્ડ ઉપર

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં રોકાણ અને આકર્ષક કમિશનની લાલચ આપી રૂ. ૧.૩૩ કરોડની છેતરપિંડી આચરવાના કેસમાં ઝડપાયેલા આરોપીને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાંથી અદાલતે આરોપીના ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ તપાસ મુજબ આરોપી હિતેશ લક્ષ્મીકાંત ગોહિલએ કાપડના ધંધા તેમજ અન્ય વ્યવસાયોમાં રોકાણ કરાવવાના બહાને કુલ ૧૩ જેટલા લોકોને પોતાના વિશ્વાસમાં લઈ તેમની પાસેથી અંદાજે રૂ. ૧.૩૩ કરોડ જેટલી રકમ મેળવી લીધી હતી. રોકાણ સામે ઊંચું વળતર અને આકર્ષક કમિશન આપવાની ખાતરી આપવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે. બાદમાં રોકાણકારોને વચન મુજબનું વળતર ન મળતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. ભોગ બનનારાઓની ફરિયાદના આધારે પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં ઝડપાયેલા આરોપી હિતેશ ગોહિલને તાજેતરમાં અદાલત સમક્ષ રજૂ કરવામાં આવતા વધુ પૂછપરછ, નાણાકીય વ્યવહારોની તપાસ તથા અન્ય સંભવિત ભોગ બનનારાઓ અંગે માહિતી મેળવવા માટે અદાલતે ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પોલીસ તપાસમાં હજુ વધુ લોકો સાથે છેતરપિંડી થઈ હોવાની સંભાવનાને ધ્યાનમાં રાખી આગળની કાર્યવાહી હાથ ધરી રહી છે. આરોપીના નાણાકીય વ્યવહારો અને અન્ય પાસાઓની પણ ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

# મનપા-ઍસ્ટેટની કાર્યવાહીઃ જામનગરમાં અનધિકૃત નોન-વેજની દુકાનો સીલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં મહાનગરપાલિકા દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં ધમધમતી અનધિકૃત નોન-વેજની દુકાનો સામે મનપાએ કડક પગલાં લીધા છે. જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા અને એસ્ટેટ વિભાગની સંયુક્ત ટીમે દરોડા પાડીને આવી અનેક દુકાનોને સીલ કરી દીધી હતી.

આ કાર્યવાહી ખાસ કરીને રસ્તાની આસપાસ અને જાહેર




તસવીરઃ હિરેન ગાંધી

જગ્યાઓ પર નિયમોનું ઉલ્લંઘન કરીને ચલાવવામાં આવતી નોન-વેજની દુકાનોને લક્ષ્ય બનાવીને હાથ ધરવામાં આવી હતી. એસ્ટેટ વિભાગે કાર્યવાહી દરમિયાન એવી દુકાનોને તાત્કાલિક અસરથી સીલ કરી દીધી હતી, જેમણે કોઈપણ પ્રકારની મંજૂરી વગર ફૂટપાથ કે જાહેર રસ્તાઓ પર ગેરકાયદેસર દબાણ ઊભું કર્યું હતું. તપાસ દરમિયાન તંત્ર સામે ચોંકાવનારી વિગતો પણ પ્રકાશમાં આવી છે. લાયસન્સ વગરનો વેપાર કરતા

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લામાં જુદા - જુદા ચાર સ્થળેથી દારૂ ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના વિવિધ પોલીસ મથકો દ્વારા હાથ ધરાયેલી અલગ-અલગ કાર્યવાહીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહીઓ દરમિયાન એકથી વધુ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે જ્યારે એક આરોપી ફરાર હોવાનું સામે આવ્યું છે. પોલીસે કુલ હજારો રૂપિયાના મુદ્દામાલ સાથે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગર શહેરના વિકાસગૃહ રોડ વિસ્તારમાં ન્યુ પટેલ ફરસાણ પાસે સર્વેલન્સ સ્કોડ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પીનાકીનભાઈ મુકુન્દરાય ભટ્ટને અંગ્રેજી દારૂની ૧૦ બોટલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે અંદાજે રૂ. ૧૨,૦૦૦ના દારૂનો જથ્થો કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસની વધુ પૂછપરછ દરમિયાન દારૂની આ બોટલો મચ્છરનગરમાં રહેતાં અજયસિંહ વાળાએ સપ્લાય કરી હોવાનું ખુલતાં પોલીસે આ શખ્સને ફરારી જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સિટી સી ડિવિઝન પોલીસ અને સર્વેલન્સ સ્કવોર્ડએ બાતમીના આધારે શહેરના શંકરટેકરી સિદ્ધાર્થ કોલોની, શેરી નં.૨૩માં રહેતાં જીતેન્દ્રભાઈ ઉર્ફે પિન્ટુ બાઠીયાના રહેણાંક મકાને દારૂ સંબંધિત દરોડો પાડ્યો હતો. પોલીસે આ શખ્સના મકાનની તલાશી લેતાં મકાનમાંથી રૂ.૭૨૦૦ ની કિંમતના ૨૪ દારૂના ચપટા મળી આવ્યા હતાં. જ્યારે આરોપીના કબ્જાની જીજે-૧૦-ઇબી-૫૪૨૦ નંબરના સ્કૂટરની ડેકીમાંથી પણ રૂ.૭૨૦૦ ની કિંમતના ૨૪ ચપટા મળી આવ્યા હતાં. આથી પોલીસે કુલ રૂ.૧૪,૪૦૦ ની કિંમતના ૪૮ ચપટા અને રૂ.૩૦,૦૦૦ ની કિંમતની મોટરસાયકલ સહિત કુલ રૂ. ૪૪,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

જામજોધપુર પોલીસે દ્વારા વસંતપુર ગામથી હોથીજી ખડબા જવાના રોડ પર આવેલ વનકુટીર પાસેથી દારૂની હેરાફેરી અર્થે નિકળેલાં ભગવાનજીભાઈ બોઘાભાઈ સુરેલા (ઉ.વ.૨૫, રહે.મેલાણ ગામ)ને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપી પાસેથી દારૂની બોટલ કબ્જે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પંચકોશી એ ડિવિઝન પોલીસ દ્વારા ખંભાલીડા ગામના નાનાવાસ વિસ્તારમાં દરોડો પાડી એક રહેણાંક મકાનમાંથી રૂ.૪૦૦ ની કિંમતના ચાર દારૂના ચપટા કબ્જે કરવામાં

અનુ પાના નં.૨ પર

# સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મના કેસમાં ૨૦ વર્ષની કેદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સગીર વયની યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપીને સ્પેશિયલ પોક્સો કોર્ટે દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

કેસની હકીકત મુજબ, ભોગ બનનાર સગીરા જ્યારે શાળાએ જતી હતી ત્યારે આરોપી સુરેશ ઉર્ફે સરીયો મગનભાઈ વાઘેલા, રહે. શંકરટેકરી, વલ્લભનગર, જામનગર તેની પાછળ-પાછળ આવતો અને મિત્રતા કરવા માટે દબાણ કરતો હતો. બાદમાં સગીરા કારખાનામાં મજૂરી કામે જવા લાગતા આરોપી સતત તેનો પીછો કરતો રહ્યો હતો. આરોપીએ માતાજી પ્રત્યેની શ્રદ્ધાની વાતો કરી તથા લગ્ન કરવાની ખાતરી આપી સગીરાનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. આરોપીએ સગીરાને પોતાના ઘરે લઈ જઈ તેની સાથે લગ્ન કરી સારી રીતે રાખવાની વાતો કરી હતી. ત્યારબાદ ફોન પર સતત સંપર્કમાં રહી લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી હતી અને વિવિધ સ્થળોએ ફરવા લઈ જતો હતો.

તા. ૦૬-૦૬-૨૦૨૪ના રોજ આરોપી સગીરાને વિશ્વાસમાં લઈ ખંભાળિયા ખાતે લઈ ગયો હતો, જ્યાં ત્રણ દિવસ સુધી તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ લાલપુર ખાતે પોતાના ભાઈના ઘરે લઈ ગયો હતો. ત્યાં આરોપીના પરિવારજનો દ્વારા અગાઉ પણ અનેક યુવતીઓને ફસાવ્યાની વાત જાણવા મળી હતી. દરમિયાન પોતાની સામે પોલીસ ફરિયાદ નોંધાયાની જાણ થતાં આરોપી સગીરાને દિગ્જામ સર્કલ નજીક મૂકી ફરાર થઈ ગયો હતો.

આ અંગે સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર ખાતે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ ૪ અને ૬ મુજબ ગુનો નોંધાયો હતો.

આ કેસ પોક્સો કેસ તરીકે સ્પેશિયલ કોર્ટમાં ચાલી ગયો હતો. કેસ દરમિયાન સરકાર પક્ષે ૧૩ જેટલા સાક્ષીઓની જુબાની અને દસ્તાવેજી પુરાવાઓ અને સરકારી વકીલની દલીલ ગ્રાહ્ય રાખીને આરોપીને તકસીરવાન ઠરાવી પોકસોની કલમ -૪ મુજબ દસ વર્ષની સખત કેદ ની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ, અને દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેસની સજા ફરમાવી છે.

આ ઉપરાંત પોકશો કલમ ૬

અનુ પાના નં.૨ પર

# દર્શન કરી પરત ફરી રહેલા કિશોરનું અકસ્માતમાં મોત

## જામનગર જિલ્લાના ધ્રોલ- જોડિયા માર્ગે બાઈક ચાલકે સર્જ્યો અકસ્માત

**સમય સંદેશઃ જામનગર**

જોડિયા ગામના રહેવાસી શોકતભાઈ ફિરોજભાઈ સુરંગી વાઘેરે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ પોતાના સગા સંબંધીઓ સાથે તા. ૩૦ મે, ૨૦૨૬ના રોજ ધ્રોલ ખાતે આવેલી ગેબનશાહપીરની દરગાહે ઉર્ષ નિમિત્તે દર્શન કરવા ગયા હતા. દર્શન પૂર્ણ કર્યા બાદ રાત્રિના સમયે તેઓ બે મોટરસાયકલ પર પરત જોડિયા તરફ ફરી રહ્યા હતા.

રાત્રિના આશરે એક વાગ્યાના સમયે ભાદરા પાટિયા પાસે આવેલા ઓવરબ્રિજના કેશિયા ગામ તરફના છેડે, દ્વારકાધીશ હોટલ નજીક પહોંચતા તેમની આગળ જઈ રહેલા નાજીમભાઈ સિદીકભાઈ કકલ વાઘેર પોતાની મોટરસાયકલ સર્વિસ રોડ તરફ વાળવા જતા હતા.

તે દરમિયાન પાછળથી આવેલા એક અન્ય મોટરસાયકલ ચાલકે પોતાની બાઈક પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી નાજીમભાઈની મોટરસાયકલ સાથે ધડાકાભેર અથડાવી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે નાજીમભાઈ તથા તેમની પાછળ બેઠેલા જુબેરભાઈ રોડ પર પટકાયા હતા. બનાવ બાદ નાજીમભાઈને માથા અને ગરદનના ભાગે ગંભીર

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયામાં બે સ્થળોએથી પ્રતિબંધિત ઉંદર પકડવાની જાળ-ગ્લુ ટ્રેપનું વેચાણ ઝડપાયું

## SOG પોલીસે ૪૨૬ ગ્લુ ટ્રેપ પકડી બે સામે ગુનો નોંધ્યોઃ મેડીકલ સ્ટોરમાં દરોડો

**સમય સંદેશઃ ખંભાળિયા**




દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશુ, પક્ષીઓ તેમજ કુદરતી જીવસૃષ્ટિને નુકસાન થાય કે તેમના મૃત્યુ થાય તેવા પ્રકારની ચીજ વસ્તુઓનું બજારમાં ગેરકાયદેસર થતા વેચાણ સામે કડક હાથે કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણા તેમજ તેમની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

જેને અનુલક્ષીને એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. સજુભા જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને કૃષ્ણરાજસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે અહીંના એક મેડિકલ સ્ટોર તથા એક એજન્સીમાં ચેકિંગ કાર્યવાહી કરવામાં આવતા આ સ્થળે દવાઓના વેચાણની આડમાં પ્રતિબંધિત ગેરકાયદેસર ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ)નું વેચાણ ખુલવા પામ્યું હતું. જેને અનુલક્ષીને ખંભાળિયામાં નગર ગેઈટ પાસે આવેલા શ્રીરામ મેડિકલ સ્ટોર્સના સંચાલક ધરમશીભાઈ પ્રેમજીભાઈ કછટીયા તેમજ અમિતભાઈ કિશોરભાઈ નામના બે આસામીઓ સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં પોલીસે રૂપિયા ૨૫,૨૦૦ ની કિંમતની કુલ ૪૨૬ ગ્લુ ટ્રેપ કબજે કરી, આ અંગે જિલ્લા કલેકટરના જાહેરનામાના ભંગ કરવા સબબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ પ્રકરણમાં આગળની કાર્યવાહી ખંભાળિયા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# જામનગરની આરટીઓ કચેરીમાં લાંબા સમય પછી આરટીઓની નિમણુંક

## અધિક કલેકટર તરીકે વી.જે. ચૌધરીની નિમણૂંક

**સમય સંદેશઃ જામનગર**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરના વર્ગ-૧ કક્ષાના ૫૨ જેટલા અધિકારીઓની બદલી અને નવી નિમણૂકોના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. આ ફેરબદલીમાં હાલારના જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓને પણ નવા વહીવટી અધિકારીઓ મળ્યા છે. લાંબા સમયથી ખાલી પડેલી કેટલીક મહત્વપૂર્ણ જગ્યાઓ ભરાતા વહીવટી કામગીરીને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જામનગર જિલ્લામાં રેસિડેન્ટ અધિક કલેક્ટરની જગ્યાએ વી.જે. ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. જેઓ અગાઉ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તેમના વહીવટી અનુભવનો લાભ હવે જામનગર જિલ્લાને મળશે.

આ ઉપરાંત લાંબા સમયથી ખાલી પડેલી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (આરટીઓ)ની મહત્વપૂર્ણ જગ્યાએ પણ સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવી છે. સુરત ખાતે ડેપ્યુટી કલેક્ટર (જમીન સુધારણા) તરીકે ફરજ બજાવતા આર.જે. ચૌધરીને જામનગરના નવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (આરટીઓ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારની આ બદલીઓમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ અધિક કલેક્ટરની જગ્યાએ નવી નિમણૂક કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. બંને જિલ્લાઓમાં વહીવટી માળખાને વધુ મજબૂત બનાવવા રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

નવી નિમણૂકોના પગલે જિલ્લાની વિવિધ વહીવટી અને જાહેર સેવાઓ સંબંધિત કામગીરીમાં વધુ સુગમતા અને ઝડપ આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને જામનગરમાં આરટીઓની ખાલી જગ્યા ભરાતા વાહન વ્યવહાર વિભાગ સાથે સંકળાયેલી કામગીરીને વેગ મળશે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા આદેશો અનુસાર આગામી દિવસોમાં નવા અધિકારીઓ પોતાનો કાર્યભાર સંભાળશે. હાલારના બંને જિલ્લાઓમાં થયેલી આ નિમણૂકો વહીવટી દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# ખંભાળીયા નજીક એરફોર્સ વિસ્તાર નજીકથી ૧૫ લાખની કિંમતના લોખંડના સળીયાની ચોરી

**સમય સંદેશઃ ખંભાળિયા**

રાજસ્થાનના જોધપુરના મૂળ વતની અને હાલ અહીં એક ખાનગી કંપનીમાં પ્રોજેક્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા સંજીબકુમાર મંડલે અહીંના પોલીસ મથકમાં અજાણ્યા તસ્કરો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે એરફોર્સની બાયડી વાળી જમીનમાંથી કોઈ તસ્કરોએ શ્રી ગુરમુખદાસ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડની સાઈટમાં પ્રવેશ કરી, અહીં રાખવામાં આવેલા જુદી જુદી સાઈઝના અને વજનના કુલ ૨૫,૦૦૦ કિલોગ્રામ જેટલા લોખંડના સળિયા ચોરી કરીને લઈ ગયા હોવાનું ખુલવા પામ્યું છે.

આશરે રૂપિયા ૧૫ લાખ જેટલી કિંમતના આ લોખંડના સળિયાની ચોરી કરવા સબબ ખંભાળિયા પોલીસે તસ્કરો સામે ગુનો નોંધી, અહીંના પી.આઈ. સી.આર. રાણા તથા સ્ટાફ દ્વારા તસ્કરોને ઝડપી લેવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com